Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ભારતીય બંધારણ અને સરદાર પટેલ

ભાવનાબેન ઉસદડીયા
Research scholar, Department of History, Saurashtra Uiversity, Rajkot

અહમદનગરના જેલખાનામાં અજંપાથી આંટા મારતો સિંહ, ભારત છોડો-આંદોલનના અવિશ્રાંત સંયોજક, કોંગ્રેસ પક્ષ અને મુખ્યપ્રધાનોના કડક સ્વામી, અંગ્રેજી રાજના કેદી અને તેની સામે પડકાર ફેંકનાર, બારડોલીના ઓજસ્વી સેનાપિત, ગાંધીજીના અડીખમ સહાયક, બીજાઓ માટે હંમેશાં હસતાં મુખે ખસી જનાર, એવા સરદાર પટેલનું ભારતીય બંધારણના ઘડતરમાં વિશેષ પ્રદાન રહ્યું છે તેને તપાસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ભારતીય બંધારણ પરિષદની પહેલી બેઠક સરદારે જાહેર કરેલા દિવસે નવી દિલ્હીમાં તા. ૯મી ડિસેમ્બર ૧૯૪૬નાં રોજ સવારમાં ૧૧ વાગે શરૂ થઇ. તેમાં ભારતના દસ પ્રાંતના ૨૦૯ ચૂંટાયેલા પ્રતિનિધિઓ હાજર હતા એમાં ૯ પ્રતિનિધિઓ પણ હતી. સરદાર પટેલની સાથે તેમનાં દીકરી કુમારી મણીબહેન પણ હાજર હતાં પણ એ સભ્ય નહોતાં એટલે પરિષદની ગોષ્ઠિ ભવનમાં એક વિશેષ ખુરશી ઉપર બેસી રહ્યાં હતાં.૧ મુસ્લિમ લીગે આ પરિષદનો બહિષ્કાર કર્યો બંધારણ પરિષદના કામ ચલાઉ અધ્યક્ષ તરીકે શ્રી. શ્રી. સચ્ચિદાનંદ સિંહ વરાયા. તેમણે ૧૧મીએ શ્રી. રાજેન્દ્રપ્રસાદને ચૂંટાયેલા અધ્યક્ષ જાહેર કર્યા ને ખુરશી એમને સોંપી. શ્રી. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર જેવા ખૂબ જ બુદ્ધિશાળી વ્યક્તિ, અનંતશયનમ અયંગર, જ્હોન મથાઇ, મૌલાના અબુલ કલામ, ગણેશ વાસુદેવ માવળંકર, કનૈયાલાલ મુનશી, અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર, શ્યામાપ્રસાદ મુખરજી, નલિનીરંજન ઘોષ, બલદેવસિંહ, સરોજિની નાયડુ, હંસા મહેતા, દુર્ગાબાઇ દેશમુખ, ચક્રવતી રાજગોપાલાચારી, શ્રી મીનું મસાણી, મહાવીર ત્યાગી, શ્રી.એસ.એ. લહાડી, કે.ટી. શાહ જેવા વિશેષજ્ઞો વગેરેનું યોગદાન ક્યારેય ઓછું ન હતું. આ રીતે, ૩૯૫ અનુચ્છેદો અને ૮ અનુસૂચિઓ સાથેનું સંપૂર્ણ વિશ્વ વિશાળતમ લોકશાહીનું બંધારણ શ્રી. રાજેન્દ્રપ્રસાદની અધ્યક્ષતામાં અને સરદારની કુનેહથી નીચેના શબ્દો દ્વારા પૂર્ણ થયું.

"અમે ભારતના લોકો, ભારતને એક સંપૂર્ણ પ્રભુત્વ સંપન્ન લોકશાહીવાળું ગણરાજ્ય બનાવવા માટે, તથા તેના બધા નાગરિકોને સામાજિક-આર્થિક તથા રાજનૈતિક ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા તથા તકની સમાનતા પ્રાપ્ત કરવા માટે તથા તે બધામાં વ્યક્તિની ગરિમા અને રાષ્ટ્રની એકતા સુનિશ્ચિત કરનારી બંધુતા વધારવા માટે દૃઢ સંકલ્પ થઇને, અમારી આ બંધારણસભામાં આજે તા. ૨૬ મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ આ બંધારણને અંગીકૃત અધિનિયમિત અને આત્માર્પિત કરીએ છીએ."

ભારતનું બંધારણ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષની નિર્ણાયક પૂર્ણ સ્થિતિનું પ્રતીક રહ્યું. જો કે, જેમ ઉપર કહ્યું તેમ, બીજા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, દેશી રાજ્યોના પ્રતિનિધિઓ અને મહાન વ્યક્તિઓએ પણ તેમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ. સરદાર વલ્લભભાઇ પટેલની ભૂમિકા બંધારણ સભામાં પ્રમુખ રહી તેમણે બંધારણ ઉપર પોતાની અમિટ છાપ છોડી. સરદાર વલ્લભભાઇ પટેલે પોતાના વિશાળ મનના દૃષ્ટિકોણો, ધર્મ નિરપેક્ષતા, લોકશાહી તેમજ

ન્યાયપૂર્ણતા દ્રઢતા અને સામંજસ્યપૂર્ણ વિચારોદ્વારા બંધારણ સભામાં વિવિધ પાસાંઓ ઉપર તર્ક-વિતર્ક કરીને, બંધારણને નિર્ણાયક સ્થિતિમાં પહોંચાડ્યું અને વાસ્તવિક રીતે નિર્ણાયક થવાનું ગૌરવ અપાવ્યું રાજ્યોનું વિલીનીકરણ કરીને તેઓ મહાન રાષ્ટ્રનિર્માતા બન્યા. પરંતુ બંધારણ સભામાં પોતાના કાર્ય દ્વારા આ દેશના પ્રત્યેક ક્ષેત્રમાં ચિંતા રાખીને, સમૃદ્ધિ, ભવિષ્યમાં સુદ્રઢતા, ન્યાય અને જનતંત્રના માર્ગને પ્રશસ્ત કરવાવાળા આધુનિક ભારતના ઘડવૈયા તેમજ ભવિષ્યના માર્ગદર્શક બન્યા.

બંધારણ સભામાં સરદાર વલ્લભભાઇ પટેલ ત્રણ મહત્વપૂર્ણ પેટા સમિતિઓ-મૌલિક અધિકારોની પેટા સમિતિ, પ્રાન્તીય. બંધારણ ઉપસમિતિ તેમજ લઘુમતી માટેની પેટા સમિતિના અધ્યક્ષ હતા અને ત્રણેય મહત્વપૂર્ણ ઉપ સમિતિના અધ્યક્ષમાં તેમણે નેતૃત્વકારક અને નિર્ણાયક ભૂમિકા ભજવી. અહીં એ પણ વિચારવાનું કે, બધી ઉપસમિતિઓ પોતાની સલાહને બંધારણમાં સૂત્રબદ્ધ કરવાવાળી સમિતિને આપવા માટે જવાબદાર હતી. સરદાર પટેલે સુદ્રઢ કેન્દ્રીય શાસનની સ્થાપના, રાષ્ટ્રપતિની સ્થિતિ અને તેની ચૂંટણી, સ્વતંત્રચૂંટણી આયોગની સ્થાપના, દેશી રાજ્યોનું વિલીનીકરણ તથા એકીકરણ સંબંધમાં બ્રિટિશ સરકાર દ્વારા લીધેલ જવાબદારીઓ સંબંધી કલમોના વિકાસમાં સરકારી સેવાઓ સંબંધિત ધારાઓ (કાયદા)ના વિકાસમાં, જમ્મુ તથા કાÂશ્મર રાજ્યની વિશેષ વ્યવસ્થાઓ સંબંધિત વર્તમાન ૩૭૦ મી. કલમની જાગવાઇમાં તથા ભાષા-નીતિમાં પણ

નિર્ણાયક ભૂમિકા ભજવી. બંધારણ સભામાં તેમના નિર્ણાયક ભૂમિકા ભજવી. બંધારણ સભામાં તેમના દ્વારા કરાયેલા કાર્યો અને ભલામણોનું વિવરણ અહીં અસ્થાને નથી.

૧. મૌલિક અધિકારો સંબંધિતઃ-

સરદાર વલ્લભભાઇ પટેલ બંધારણ સભાની મૌલિક અધિકારોની પેટા સમિતિના અધ્યક્ષ હતા. અને રાજર્ષિ પુરુષોત્તમદાસ ટન્ડન, શ્રી કે.એમ. મુનશી, ચક્રવર્તી રાજગોપાલાચારી, શ્રી એસ.એ. લાહડી, શ્રી મહાવીર ત્યાગી, શ્રી પી.એસ. દેશમુખ, શ્રી હરિ વિષ્ણુ કામથ, શ્રી આર.આર. દિવાકર, શ્રી અનંતશયનમ આયંગર, શ્રી વી. દાસ, રાય બહાદુર ચૌધરી, સૂરજમલ, સરદાર પૃથ્વી સિંહ આઝાદ, શ્રી મીનું મસાણી અને શ્રી કે.ટી. શાહ જેવા વિભિન્ન વિચારો ધરાવતા વ્યક્તિઓની સાથે વિવિધ પાસાંઓ ઉપર તેમને જારદાર તર્ક-વિતર્ક કરવો પડતો હતો. સરદારે તેમાં ઉદાર અરાજકતાવાદની વકીલાત કરતા સભ્યો ખૂબ જ રુઢિવાદી વિચારો દ્વારા પ્રભાવિત સભ્યો અને સમાજવાદી સભ્યોની વચ્ચે સામ્યપૂર્ણ કૌશલ્ય પ્રદર્શિત કર્યું. હાસ્યપૂર્ણતા દ્વારા બધાના દ્રષ્ટિકોણનો સમાવેશ દેખાય એવું પ્રદર્શન કરીને પોતાના સિદ્ધાંત પ્રમાણે પ્રેસ અને માનવીય સ્વતંત્રતા, શિક્ષણ અને સંસ્કૃતિ માટેના અધિકારની વ્યવસ્થા કરી. સરદાર પોતાનો એક એ પણ દ્રષ્ટિકોણ રાખતા હતા કે રાષ્ટ્રની સ્થિરતા અને અખંડિતતા બનાવી રાખવા માટે કોઇપણ કિંમતે મૌલિક અધિકારો માટે લોકવ્યવસ્થા અને સુરક્ષા અતિ આવશ્યક છે. તેથી ૨૩મી એપ્રિલ, ૧૯૪૭નાં રોજ બંધારણ સભાના અધ્યક્ષને રિપોર્ટ રજુ કરતાં તેમણે આ પ્રસ્તાવ મૂક્યો હતો. ‘આપણે આ અધિકારોને, બંધારણ અંતર્ગત ન્યાય યોગ્ય બનાવવા ઉપર અધિકતમ મહત્વ આપીએ. જેવી રીતે સંયુક્ત રાજ્ય અમેરિકા અને નવીનત્તમ પ્રજાતાંત્રિક બંધારણોમાં વિશેષ ઉપાયો સહિત નાગરિક અધિકાર બંધારણની છબી પ્રદર્શિત કરે છે.’૨ પરિણામ સ્વરુપે બધા મૂળ

અધિકારોની પૂર્ણ રીતે ન્યાયિક પ્રત્યાભૂતિ કરવામાં આવી અને બંધારણીય ઉપચારોનો અધિકાર સામેલ કરવામાં આવ્યો. આ રીતે, નાગરિકોના મૌલિક અધિકારોનું સમુચિત રક્ષણ થઇ શક્યું.

સરદાર પટેલને જે ધારા (કલમ)માં સૌથી વધુ સક્રિયતા અને ઉત્સાહ પૂર્વક ભાગ લેવો પડયો હતો તેનો સંબંધ 'સંપત્તિ વિષયક અધિકારોનું સંરક્ષણ' હતો. ખેડૂતના ઘરમાં જન્મેલા સરદારનો આ અધિકાર બાબતમાં પોતાનો વિશેષ

દૃષ્ટિકોણ હતો. તેમની દૃષ્ટિએ આ અધિકારનું રક્ષણ દેશ માટે મહત્વપૂર્ણ હતું કારણ કે, ભવિષ્યમાં તેનાથી મૂડીનું આંતરિક અને બાહ્ય આકર્ષણ વધવાની શક્યતા હતી. કોંગ્રેસના જમીનદારીના ઉન્મૂલનના વચન અને નીતિ સાથે આ સંરક્ષણનો મેળ બેસતો ન હતો. સરદારને તેને કારણે વિશેષ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસની સમાજવાદી વિચારધારાનો એક સમૂહ તે ઇચ્છતો હતો કે, વિધાનસભાઓને વ્યાપક રાષ્ટ્રીય હિતમાં જમીન અધિગ્રહણ કરવાનો અને વળતર નક્કી કરવાનો સંપૂર્ણ અધિકાર હોવો જાઇએ અને તેના અધિકારને કોર્ટમાં પડકાર ન આપી શકાય તેવી વ્યવસ્થા હોવી જાઇએ. સરદાર પોતે કોઇની વ્યક્તિગત જમીનનું અધિગ્રહણ ઉચિત વળતર સિવાય કરાય તેને એક ઇમાનદારી રહિત કાર્ય માનતા હતા. અને તેને અરાજકતાનું સૂચક પણ માનતા હતા. તેમનો એક દૃઢ નિશ્ચય હતો કે તે રાજ્યોની જવાબદારી છે કે, તે જમીનના અધિકારને રક્ષિત કરે અને વાસ્તવમાં જ્યારે ક્યારેય પણ તેને જનહિતમાં અધિગ્રહણની આવશ્યકતા ઊભી થાય તો, રાજ્ય તે વ્યક્તિને ઉચિત વળતર આપીને જ લે. તેમ છતાં, જમીનના માલિકને વળતર અનુચિત લાગે તો તેને કોર્ટમાં પડકાર આપવાનો અધિકાર હોય. આ રીતે, એક ગંભીર વિવાદ ઉત્પન્ન થયો. અહીં, તે ઉલ્લેખનીય છે કે, તે સમયના નાણાંમંત્રી શ્રી જ્હોન મથાઇએ સરદારનું દૃઢતા સાથે સમર્થન કર્યું અને 'સરદારના દૃષ્ટિકોણને ન સ્વીકાર કરવાની સ્થિતિમાં પોતાના પદ ઉપરથી રાજીનામું આપવાની ઇચ્છા પ્રગટ કરી.'

અંતમાં સભાએ સંપત્તિના અધિકારને બંધારણ દ્વારા આરક્ષિત બનાવ્યો તથા વળતર માટે તેને ન્યાયાલયમાં અપીલ કરવાનો પર્યાય રાખ્યો. એક મધ્યમ માર્ગ દ્વારા તે વ્યવસ્થા કરવામાં આવી કે, જમીનદારી ઉન્મૂલનની કલમ (કાયદા)ને સંપત્તિના મૂળ અધિકારો સંબંધી કાયદાથી અલગ કરવામાં આવે. આ રીતે તેનો સમાવેશ એક એવી વિશેષ કલમ (કાયદા)માં કરવામાં આવ્યો, જેનાથી જમીન સુધારણા સંબંધિ વિધિના વિષયમાં ન્યાયાલયના અધિકારને સ્પષ્ટ રીતે ન બનાવ્યો.

૨. રાજ્યોના બંધારણ સંબંધીઃ-

રાજ્યોના બંધારણ સંબંધી પેટાસિમિતના અધ્યક્ષના રૂપમાં સરદાર વલ્લભભાઇ પટેલે શક્તિશાળી કેન્દ્રની સ્થાપના, રાજ્યપાલની

સ્થિતિ સ્પષ્ટ કરીને, રાજ્ય ન્યાયપાલિકાને સુદૃઢ બનાવવા, ન્યાયી ચૂંટણી વ્યવસ્થા કરવા માટે, સ્વતંત્ર ચૂંટણી પંચની સ્થાપના વગેરેમાં નિર્ણાયક યોગદાન આપ્યું. તે સાથે જ તે જ સમિતિના માધ્યમ દ્વારા તેમણે દેશની શાસનવ્યવસ્થા અને દેશના સર્વોચ્ચ રાષ્ટ્રપતિના પદની વ્યાખ્યા કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી.

સૌ પ્રથમ સરદાર વલ્લભભાઇ પટેલે એ વ્યવસ્થા પ્રસ્થાપિત કરી કે પ્રાન્તીય (રાજ્યોની) શક્તિઓ ઉપર એક સુદૃઢ રોક લગાવવી આવશ્યક છે, કારણ કે ઇતિહાસ એ વાતનો

સાક્ષી છે કે, જ્યારે જ્યારે કેન્દ્ર દુર્બળ થયું છે ત્યારે દેશની અખંડિતતા રહી શકી નથી. કેન્દ્રનું અપેક્ષા પ્રમાણે શક્તિશાળી થવું તથા રાજ્યોને વધુ સ્વાયત્તતા ન આપવાનો દૃઢ નિશ્ચય હતો. તે જ કારણે એક વ્યવસ્થા કરવામાં આવી. (બંધારણના વર્તમાન અનુચ્છેદ ૩૫૬ અનુસાર) જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંતોષકારક ન હોય ત્યારે સંઘનો રાષ્ટ્રપતિ( બંધારણીય તંત્ર અસફળ રહ્યું છે તે સ્થિતિથી સંતુષ્ટ થઇને) (રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદીને) રાજ્યનો વહીવટ પોતે અથવા પોતાના નીચેના કર્મચારીઓ દ્વારા હાથમાં લઇને શાસન વ્યવÂસ્થત કરી શકે.

દરેક રાજ્યનો રાજ્યપાલ પોતાની બંધારણીય સ્થિતિ અંતર્ગત રાજ્ય મંત્રીમંડળ તથા કેન્દ્રની વચ્ચે કડીરૂપ કાર્ય કરી શકે તે સૂત્રનિર્મિત કરવામાં સરદાર વલ્લભભાઇ પટેલ અને રાજ્યની બંધારણ સમિતિએ જ નિર્ણય લીધો. શ્રી હરિકૃષ્ણ કામથ, શ્રી એમ.એચ. મોહિની, પંડિત હૃદયનાથ કુંજરૂ, શ્રી આર.કે. સિદ્ધિવાળા, શ્રી કે.સન્થાનમ તથા પંડિત ગોવિંદવલ્લભ પંત સાથે તેમણે ઊંડી ચર્ચા કરી કારણ કે, પ્રભાવશાળી નેતા વધુ પ્રાન્તીય સ્વાયત્તા ઇચ્છતા હતા. રાજ્યપાલની ચૂંટણીને પણ, રાષ્ટ્રપતિ દ્વારા મનોનીત કરવામાં, તે જ કારણે બદલવામાં આવી, જેથી તે કેન્દ્ર રાજ્યો વચ્ચે કડીરૂપ કાર્ય કરે. પંડિત ગોવિંદવલ્લભ પંતે રાજ્યપાલની ગેરહાજરીમાં તેમના સ્થાને એક ઉપરાજ્યપાલનો પણ વિકલ્પ નીચેના પ્રસ્તાવ દ્વારા રજૂ કર્યોઃ-

“પ્રત્યેક રાજ્યમાં એક ઉપરાજ્યપાલ હોય. તે દરેક સામાન્ય ચૂંટણી પછી પ્રતિનિધિત્વના આધારે એકલ મત સંક્રમણીય દ્વારા રાજ્ય વ્યવસ્થાપિકા દ્વારા ચૂંટવામાં આવે. ઉપરાજ્યપાલ, રાજ્યપાલની અચાનક અનુપસ્થિતિને પૂર્ણ કરશે તથા તેની અનુપસ્થિતિમાં કાર્ય પણ કરશે.”૩

પ્રથમ તો પદનું સર્જન જ અનાવશ્યક હતું કારણ કે અચાનક તેનું (રાજ્યપાલનું) પદ ખાલી હોય તો તેના સ્થાન પર રાષ્ટ્રપતિ તાત્કાલિક વ્યવસ્થા કરીને તે સ્થાન ભરી શકે છે. વચગાળાના સમયમાં રાજ્યની હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તે કાર્યને પૂરૂ કરી શકે છે. બીજું, પંડિત પંતે ઉપરાજ્યપાલની ચૂંટણીની જે ભલામણ કરી તે અનુચિત હતી કારણ કે ચુંટણીની પરિસ્થિતિમાં, તે ચૂંટવાવાળી સભાનો (જ) પ્રતિનિધિ બને. રાજ્યપાલનું પદ કડીરુપમાં કાર્ય કરવાનું હતું. (કેન્દ્ર તેમજ રાજ્યોની વચ્ચે), તેથી ઉપરાજ્યપાલનું સ્થાન રાજ્યની વિધાનસભા તરફ ઝુકેલું રહે. આ પ્રસ્તાવ તેકારણે અમાન્ય કરવામાં આવ્યો અને કેન્દ્રના પ્રતિનિધિના રૂપમાં સુદૃઢ કેન્દ્રની સ્થાપનાનો ઉદ્દેશ ફક્ત રાજ્યપાલના પદની જાગવાઇ સુધી રહ્યો. તે જ પરિપ્રેક્ષ્યમાં રાજ્યની બંધારણ પેટા સમિતિએ ન્યાય પાલિકાને કાર્યપાલિકાથી પૂર્ણ રીતે મુક્ત કરાવવાની જાગવાઇ કરી જેમાં વ્યવસ્થા કરવામાં આવી કે રાજ્યોના ઉચ્ચ ન્યાયાલયો (હાઇકોર્ટ)ના ન્યાયાધીશ કેન્દ્રના રાષ્ટ્રપતિ દ્વારા, સર્વોચ્ચ ન્યાયાલયના પરામર્શથી જ નિયુક્ત કરવામાં આવશે.

રાજ્યોમાં સ્થિરતા, સુદૃઢતા અને ન્યાય માટે સરદારે નિષ્પક્ષ તથા સ્વચ્છ ચૂંટણીની આવશ્યકતા પર ભાર મૂકતાં બંધારણ સભામાં નીચે પ્રમાણે સલાહ આપી.

“આ સંબંધમાં હું વિચારું છું કે, સમિતિ એ એક સંસ્તુતિ કરવી જાઇએ જેમાં નિશ્ચિતતા પૂર્વક સ્વતંત્ર ચૂંટણીની આશાથી કેન્દ્રના રાષ્ટ્રપતિ દ્વારા એક ચૂંટણી પંચની નિયુક્તિ કરવામાં

આવે જેથી બધા રાજ્યોમાં સ્વચ્છ ચૂંટણી થઇ શકે.''૪ પરિણામ સ્વરૂપે એવું જ પછી થયું તે પણ વિશેષરૂપે ઉલ્લેખનીય છે કે સંઘીય (કેન્દ્રીય) બંધારણ સમિતિ તથા સરદાર સાહેબની અધ્યક્ષતા વાળી પ્રાંતીય બંધારણીય સમિતિની સંયુક્ત સભામાં, પ્રાંતીય બંધારણ સમિતિએ દેશની શાસનવ્યવસ્થાને નિર્ણાયક બનાવી. તેની જાહેરાત કરતાં (સંયુક્ત સભા તરફથી) સરદારે પોતે તા. ૧૫ મી જુલાઇ, ૧૯૪૭નાં રોજ બંધારણ સભાને કહ્યું-

''બંને સમિતિઓ પ્રાંતીય બંધારણ સમિતિ દ્વારા પ્રસ્થાપિત આ પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં એકમત થઇ ગઇ છે કે એક સંસદીય વ્યવસ્થા અથવા કેબિનેટ હશે.''૫

રાજ્યોની બંધારણ સમિતિના અધ્યક્ષના રૂપમાં સરદાર વલ્લભભાઇ પટેલ તથા સંઘીય બંધારણ સમિતિના

અધ્યક્ષનારૂપમાં પંડિત જવાહરલાલ

નેહરુ વચ્ચે રાષ્ટ્રપતિની ચૂંટણીના સંબંધમાં અસામંજસ્ય (અસમજૂતી) ઉત્પન્ન થઇ હતી. પંડિત જવાહરલાલ નેહરુ ઇચ્છતા હતા અને તેમણે પ્રસ્તાવ પણ કર્યો કે, રાષ્ટ્રપતિની ચૂંટણી ફક્ત સંસંદ દ્વારા થવી જાઇએ. આ રીતે તો ફક્ત સદનના નેતાના રૂપમાં પ્રધાનમંત્રીની જ મનોનીત વ્યક્તિ બની જાય. તેથી સરદાર પટેલની રાજ્યોની બંધારણ સમિતિને તે મંજૂર નહોતું. સરદાર વલ્લભભાઇ પટેલે રાષ્ટ્રપતિના સ્થાનને સ્પષ્ટ કરતાં તર્ક કર્યો કે, રાષ્ટ્રપતિ કેન્દ્ર તેમજ રાજ્યો બંન્નેની વ્યવસ્થાપિકા સભાઓના સંરક્ષક છે તેથી તેની ચૂંટણી પણ તેના બધા સભ્યો દ્વારા જ થવી જાઇએ. વાસ્તવમાં વાદવિવાદ રાષ્ટ્રપતિના સ્થાનનો જ બનતો ગયો. રાષ્ટ્રપતિ ફક્ત પ્રધાનમંત્રીનો કૃપાપાત્ર જ બની જાય કે સંપૂર્ણ દેશની એકતા અને પ્રજાનો પ્રતીક બને? આ પ્રશ્ન વિવાદની પરિસ્થિતિમાં બંને સમિતિઓની સંયુક્ત સભાને મોકલવામાં આવ્યો. અહીં ઉલ્લેખનીય છે કે, સરદાર પટેલની હંમેશાં એ નીતિ રહેતી હતી કે દરેક મહત્વપૂર્ણ બાબતમાં પોતાના સહાયક વિશેષજ્ઞો પાસેથી સંપૂર્ણ સલાહ અને ચર્ચા પછી જ કોઇ નિર્ણય લેવો. તથા તેની સંસ્તુતિ (અમલ) કરતા હતા. પ્રસ્તુત વિષયમાં પણ તેમણે એક સલાહકાર બોર્ડની રચના કરી હતી. જેમાં સુપ્રસિદ્ધ કાનૂનવિદો જેવા કે. કે.એમ. મુનશી, પ્રસિદ્ધ ન્યાયાધીશ સર એન. ગોપાલાસ્વામી અયંગર, કે જે માનવીય ક્ષેત્રો તથા વહીવટમાં ખૂબ જ જ્ઞાની હતા તથા પ્રસિદ્ધ ન્યાયાધીશ સર કૃષ્ણાસ્વામી ઐયર જે બંધારણના પણ વિશેષજ્ઞ હતા. આવા સલાહકારો દ્વારા, સંચાલિત પ્રસ્તાવ માટે, તે સ્વાભાવિક હતું કે, સંયુક્ત સભામાં રાષ્ટ્રપતિની ચૂંટણી ઉપર ચર્ચા કરીને, બહુમતીથી નિર્ણય કરીને સરદારના દૃષ્ટિકોણને અનુમતિ આપી અને આ રીતે રાષ્ટ્રપતિ ફક્ત સંસદની કઠપૂતળી ન બન્યા અને દેશની એકતા તથા સંપૂર્ણ પ્રજાનું પ્રતીક બન્યા. તેની ચૂંટણી સંપૂર્ણ જનતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ-સંસદ તેમજ રાજ્યોની વિધાનસભાઓ દ્વારા ચૂંટાયેલા સભ્યો દ્વારા બની શકી.

૩. લઘુમતી માટેની સમિતિ

સરદાર પટેલ માનતા હતા કે કેન્દ્ર મજબૂત હશે તો દેશમાં સારી વ્યવસ્થા સ્થાપી શકાશે. જ્યારે બીજી બાજુ દેશમાં વિભાજનનાં અનેક બળો એવી દરખાસ્તો મૂકતાં હતાં કે જેથી કેન્દ્ર સરકાર નબળી પડે. આવી દરખાસ્તોમાં ભારતમાં વસવાટ કરતી ઘણી બધી લઘુમતી કોમો

દ્વારા ચૂંટણીમાં અલગ મતાધિકાર અને વિવિધ ધારાસભાઓમાં પોતાના પ્રતિનિધિત્વની માંગણી કરવામાં આવી હતી. પરંતુ આવી દરખાસ્તો સામે સરદાર પટેલ અડગ રહ્યા.

બંધારણસભામાં લઘુમતી સમાજમાં ખ્રિસ્તીઓ, પારસીઓ, શીખો, એંગ્લો-ઇન્ડિયન, મુસલમાનો, હરિજનો અને આદિવાસીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. લઘુમતી સમિતિ સ્થાપાયા બાદ થોડા સમયમાં જ અલગ મતાધિકાર નાબૂદ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી અને સમિતિમાં બેઠેલા લઘુમતીઓના પ્રતિનિધિઓએ એ દરખાસ્તને પૂરો ટેકો આપ્યો. આમ લઘુમતીઓના અલગ મતાધિકારને સહેલાઇથી નાબૂદ કરી દેવામાં આવ્યો, પરંતુ લઘુમતીઓના પ્રતિનિધિઓ ધારાસભાઓમાં રાખવામાં આવેલી અનામત બેઠકો આટલી સહેલાઇથી છોડી શકે તેમ ન હતા. સરદાર પટેલે લઘુમતીઓ પ્રત્યે એવું વલણ દાખવ્યું કે, "કોઇ પણ લઘુમતી સમાજ એકી અવાજે માંગણી કરે તો જ અનામત બેઠકો મેળવી શકાશે. પરંતુ તેમણે બહુમતી સમાજ તરફથી માન કે સ્નેહ મળશે નહીં."૬ સરદાર પટેલ પોતાનો મત દર્શાવી જુદા જુદા જૂથના પ્રતિનિધિઓને મળ્યા અને તેમની સાથે વિશેષ ચર્ચાઓ કરી. શરૂઆતમાં ખ્રિસ્તીઓના અગ્રણી વી.કે. જ્હોને તા. ૨૨ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ સરદારને ખ્રિસ્તીઓને પણ હરિજનોની જેમ આરક્ષણનો લાભ મળવો જાઇએ એવી રજૂઆત કરી. તેના ઉત્તરમાં ૨૮ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ વલ્લભભાઇ પટેલ જ્હોનને પત્રમાં જણાવે છે કે, "મિશનરીઓના પ્રયત્નોને કારણે ભારતીય ખ્રિસ્તીઓ, હરિજનોની સરખામણીમાં આગળ છે. હરિજનોની જેમ તેઓ અસ્પૃશ્યતાથી પીડાતા નથી."૭ આમ, ખ્રિસ્તીઓ આવી માંગણી ન જ કરી શકે. ત્યારબાદ પારસીઓના નેતા હોમી મોદીને પણ સરદારે સમજાવ્યા. આમ, ખ્રિસ્તીઓ અને પારસીઓએ કબૂલ કર્યું કે અનામત બેઠકો ન હોય તો પણ પોતાના પ્રતિનિધિઓ ચૂંટાઇ આવશે.

ભારતમાં એંગ્લો-ઇન્ડિયનની વસ્તી અલગ-અલગ જગ્યાએ લગભગ એક લાખની હતી. એંગ્લો-ઇÂન્ડયનોને એવો ભય હતો કે પોતાના લોકો ચૂંટાઇ નહીં આવે એટલા માટે એંગ્લો-ઇÂન્ડયનોએ ધારાસભાઓમાં અનામતની

માંગણી કરી, પરંતુ સરદારે ના પાડી દીધી. આ સમસ્યા નિવારવા માટે વલ્લભભાઇએ માત્ર સૂચવ્યું કે રાષ્ટ્રપતિ કે રાજ્યોના ગવર્નરોને યોગ્ય લાગે ત્યારે એંગ્લો-ઇન્ડિયન પ્રતિનિધિઓની નિમણૂંક કરશે.૮ આ રીતે એંગ્લો-ઇન્ડિયન કોમના અગ્રણી ફ્રેન્ક એન્થોનીએ સરદાર પટેલની આ વાત સાથે સંમતિ દર્શાવી અને નીચે પ્રમાણે શબ્દો સાથે આભાર વ્યક્ત કર્યો. "બંધારણનાં અનુચ્છેદ ૩૩૧ અને ૩૩૩ આ રીતે વર્તમાન વ્યવસ્થાઓમાં ચાલુ છે જે સરદાર લઘુમતીના સાચા મિત્ર હતા- તે પ્રગટ થાય છે."

શીખ સમુદાયના કેટલાક અગ્રણીઓએ શીખ સમુદાયને માટે વિશેષ અધિકાર મેળવવાની ઇચ્છા જાહેર કરી. ૫ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ પટિયાલાના મહારાજાએ સરદાર પટેલને એક પત્ર લખીને જણાવ્યું એ જરૂરી છે કે શીખોમાં વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે સંવિધાનમાં એવી જાગવાઇઓ કરવામાં આવે જેથી એવી ખાતરી થાય કે ભારતની શાસન વ્યવસ્થામાં તેમને યોગ્ય સ્થાન મળે. મુસલમાનોએ સ્વતંત્ર સાર્વભૌમિક રાજ્યની માંગણી કરી. તેમને પાકિસ્તાન મળી ગયું. હિંદુઓને પણ સાર્વભૌમિક રાજ્ય મળ્યું, જેમાં તેઓનું પ્રાધાન્ય (બહુમત) છે. માત્ર શીખ જ એવા છે જેમને નવી વ્યવસ્થામાં કોઇ લાભ થયો નથી.૯

સરદાર પટેલે શીખ સમુદાયના અગ્રણી બળદેવસિંહ અને ઉજ્જવલ સિંઘને પણ અનામત બેઠકોની માંગણીના સંદર્ભે મનાવી લીધા. સરદાર બળદેવસિંહે ૨૯ ડિસેમ્બર ૧૯૪૮ના રોજ વલ્લભભાઇ પટેલનો આભાર માનતાં લખ્યું કે, "શીખોના મનમાં ઊંડો વિશ્વાસ છે કે તમે તેમના (શીખોના) ઉત્તમ મિત્રો છો. અનેક પ્રસંગોએ આપે આ વાતની પ્રતીતિ કરાવી છે. સાંપ્રદાયિક આધાર પર ના તો હું પ્રતિનિધિત્વ ઇચ્છું છું કે ના તો અલગ મતદાર મંડળના સમર્થનમાં છું."૧૦

મુસ્લિમોને પ્રશ્ન પેચીદો હતો. એટલે જ વલ્લભભાઇએ મુસલમાનોને છેલ્લા રાખ્યા હતા. મુસ્લિમ કોમ ૧૯૦૯થી બ્રિટિશ તાજના શાસનમાં અલગ મતાધિકાર હક્ક ભોગવતી હતી. એટલા માટે મુસ્લિમ નેતાઓ આઝાદી બાદ પણ અલગ મતાધિકારનો પોતાનો હક્ક ચાલુ રહે તે માંગણીમાં મક્કમ હતા. પરંતુ આખરે સરદાર પટેલે ખાનગીમાં મુસલમાન આગેવાનોને અનામત બેઠકો માટેનો આગ્રહ છોડી દેવાની સલાહ આપી. સરદારે મુસ્લિમોને સાફ શબ્દોમાં કહ્યું કે, "તમારે રાષ્ટ્રીય પ્રવાહથી જુદા ન રહેવું જાઇએ. રાષ્ટ્રીય ઐક્યનો વિરોધ પોતે ચલાવી નહીં જ લે." આખરે

મુસ્લિમ લીગના એક વખતના સક્રિય આગેવાન બેગમ એઝાઝ રસૂલને સરદાર પટેલ દ્વારા સમજાવવામાં આવ્યા. પરિણામે મુસ્લિમોએ પણ અલગ મતાધિકારની અને અનામતની વાત જતી કરવી પડી.૧૧

લઘુમતીઓનો હજુ પણ એક પ્રશ્ન ઊભો હતો. લઘુમતીઓને પ્રધાનમંડળમાં પણ પ્રધાનો તરીકે અનામત સ્થાન કે બેઠકો મળે તેવી માંગ હતી. આ ઉપરાંત તેને બંધારણીય જાગવાઇ તરીકે બંધારણમાં દાખલ કરવા માટેનો આગ્રહ કર્યો હતો. પરંતુ સરદાર પટેલે સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દીધી. તેમણે ઉમેર્યું કે બને તેટલું લઘુમતીઓને પ્રધાનપદમાં સામેલ કરવાનું ધ્યાન રાખવામાં આવશે. પરંતુ અનામત બેઠકો કેબિનેટમાં મળશે જ નહિ.૧૨ જેથી મોટાભાગના લઘુમતી સમુદાયે મમત છોડી દીધી.

૧૧મી મે ૧૯૪૯નાં રોજ સલાહકાર સમિતિમાં ઠરાવ રજૂ કર્યો તે મુજબ હરિજનો અને આદિવાસીઓ સિવાય બીજી કોઇ પણ લઘુમતી કોમો માટે અનામત બેઠકો મળશે નહીં. પરંતુ સરદાર પટેલને હરિજનો અને આદિવાસીઓ માટે દિલથી સહાનુભૂતિ હતી. તેઓને અનામત મળે એ માટે તેઓ મક્કમ હતા. તેઓ જાણથા હતા કે આ જાતિના લોકોને વર્ષોથી સામાજિક, રાજકીય અને આર્થિક સ્તર પર આગળ આવવાની તક મળી નથી. માટે શિડ્યુલ કાસ્ટસ અને શિડ્યુલ ટ્રાઇબ્સ માટે જ (૧૦ વર્ષ માટે) અનામત લાભ મળવા જાઇએ એ માટેની ભલામણ સરદાર પટેલે કરી. જેનો બંધારણ સભાએ સ્વીકાર કર્યો.૧૩

૨૯મે ૧૯૪૯ના રોજ બંધારણસભામાં લઘુમતી લોકો માટે સાંપ્રદાયિક આધાર પર મતદાર મંડળની વ્યવસ્થા આરક્ષિત કરવાની બાબતને રદ કરવામાં આવી એ પ્રસંગે સરદાર પટેલે ખૂબ જ વિસ્તૃત ભાષણના સમાપનમાં જણાવ્યું કેઃ "આ સદન આજે ગૌરવ અનુભવશે કે આપણે સર્વસંમતિથી જૂના કલંકને દૂર કરી શક્યા છીએ. ઇશ્વરની કૃપા તથા સર્વશક્તિમાન ભગવાનના આશીર્વાદથી સત્યમય ધર્મિનરપેક્ષ લોકતાંત્રિક રાજ્યોનો પાયો નાખી શક્યા છીએ. જેમાં પ્રત્યેક નાગરિકને જીવનમાં સમાન અવસર પ્રાપ્ત છે. રાષ્ટ્રના પ્રત્યેક વર્ગના લોકો સાથે

ન્યાય કરવાની સદબુદ્ધિ અને સાહસ પ્રભુ પ્રદાન કરે."૧૪ સરદાર પટેલે કહ્યું હતું કે, "આ દેશમાં બહુમતી અને લઘુમતી જેવું કાંઇ છે એ ભૂલી જવું એ જ લાંબે ગાળે સહુના હિતમાં છે અને રહેશે. બિનસાંપ્રદાયિક રાજ્યનો પાયો નાખવો એમાં સહુનું હિત છે અને ભારતમાં માત્ર ભારતીય જ વસે છે."૧૫

૪. દેશી રાજ્યોની સમસ્યા અને બંધારણ સભામાં સરદારનો દૃષ્ટિકોણ

ઉપનિવેશી બ્રિટિશ સરકારે જા કે દેશને સ્વતંત્રતા આપી, પરંતુ દેશી રાજ્યોની વિકટ સમસ્યાની સાથે તેઓ ભારતનું ભાગ્ય અધ્ધર છોડીને ગયા. સરદાર વલ્લભભાઇ પટેલે દેશી રજવાડાંના એકીકરણની ઐતિહાસિક પ્રક્રિયા માટે ઝઝૂમીને સમસ્યાનું નિરાકરણ કર્યું. દેશી રાજ્યોના રાજા-મહારાજાઓ પોતાના સ્વતંત્ર બંધારણ બનાવવાને બદલે, ભારતીય બંધારણના સ્વરૂપમાં વિભિન્ન સમજૂતીઓ સાથે મળવામાં અથવા તેનો સ્વીકાર કરવા માટે તૈયાર થઇ ગયા હતા. પંડિત જવાહરલાલ નહેરુ તથા તેમના કેટલાક સાથીઓ સરદાર સાહેબ દ્વારા રાજાઓને અપાયેલા સમજૂતીના ફળસ્વરુપ વિશેષાધિકારોનો સ્વીકાર કરવામાં આનાકાની કરવા લાગ્યા હતા. જ્યારે કેટલીક હદ સુધી બધા દેશીરાજ્યોની સમસ્યાઓ હલ થઇ ગઇ હતી અને પ્રસ્તાવો પછી રાજાઓની સોદાબાજી પણ ઘણું કરીને પૂરી થઇ ગઇ હતી. પંરતુ તે નવો વિવાદ ઊભો થયો તથા કોંગ્રેસ પક્ષ અને બંધારણ સભા સમક્ષ આવ્યો. સરદાર પટેલ તે દિવસોમાં આરોગ્ય માટે આરામ કરી રહ્યા હતા. તેમણે અડગ રહીને દૃઢતાથી રાજા-મહારાજાઓને આશ્વાસન આપ્યું કે, તેઓ (સરદાર) પોતાની સમજૂતીથી પાછા નહિ પડે કે તેને તોડશે નહિ. તેમના (રાજાઓના) વિશેષાધિકારોની વ્યવસ્થા કાયમ માટે બંધારણમાં કરવામાં આવશે. એક બાજુ આ પ્રકારના તેમના આ આશ્વાસને તે વિવાદને રાજાઓથી છોડાવી દીધા તથા બીજી બાજુ તેમના ભાવનાત્મક આગ્રહ ઉપર નેહરુએ પોતે અને તેમના મંત્રીમંડળ તથા પક્ષની ઉત્પન્ન થયેલી બધી શંકાઓ તેમજ હિચકિચાહટો ત્યાગી દીધી. તે ઉપરાંત, બંધારણ સભાએ પણ કોઇ પણ વિરોધ સિવાય, હર્ષધ્વનિ સાથે સરદાર સાહેબનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. આ રીતે, વિરાસતમાં પ્રાપ્ત રાજ્યોની ગંભીર સમસ્યાઓનું નિરાકરણ થઇ ગયું. તથા બંધારણ સભાના માધ્યમથી ગણતંત્રીય બંધારણમાં વિશેષ વ્યવસ્થાઓ સાથે ચિરસ્મરણીય રાજ્યોનો વિલય લોહી વહેવડાવ્યા સિવાય, સરદારના પૂરા ચમત્કારથી પૂર્ણ થઇ ગયો.

૫. સેવાઓ સંબંધીઃ-

જ્યાં સુધી સેવાઓ સાથે સંબંધ તેમાં, સૌ પ્રથમ તત્કાલીન બે પ્રકારની સેવાઓમાં તેમણે ઉલ્લેખનીય યોગદાન આપ્યું. ૧. ભૂતપૂર્વ ભારતમંત્રીની સેવાઓના તે સભ્યો જેઓ સત્તાના હસ્તાંતરણ પછી સેવાઓમાં ચાલુ રહ્યા હતા. આ શ્રેણીના દરેક અધિકારીને કેન્દ્રીય સરકાર દ્વારા તેમની સેવાના અધિકારોની રક્ષાનું આશ્વાસન આપવામાં આવ્યું. તથા ૨. સત્તાના હસ્તાંતરણ પછી ઊભી થયેલી બંને સેવાઓ-ભારતીય પ્રશાસનિક સેવા તથા ભારતીય પોલીસ સેવાઓને રાજ્યની સરકારોના સર્વસંમત, સમર્થનથી અખિલ ભારતીય સેવાઓના રૂપમાં રચવામાં આવી.૧૬ સાથે જ રાજયો માટે લોકસેવા આયોગ બનાવવામાં પણ તેમણે સમુચિત જાગવાઇ કરાવડાવી. તા. ૧૫મી જુલાઇ, ૧૯૪૭ની બંધારણસભામાં જાહેરાત કરતાં સરદાર વલ્લભભાઇ પટેલે ક્હયું-

“આ સંબંધમાં સામાન્ય રીતે લોક સેવા આયોગના અધ્યક્ષ તથા સભ્યો માટે સંસ્તુતિ કેબીનેટને કરવામાં આવી છે.”

સરદાર ઉપરોક્ત સેવાઓ માટે બંધારણીય પ્રત્યાભૂતિને, વિશ્વાસ ઉત્પન્ન કરવાવાળી તેમજ સ્થિરતા લાવવા વાળી દૃષ્ટિથી જાતા હતા. તેમને આ દૃષ્ટિકોણને સફળ કરાવવામાં જા કે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો પરંતુ બીજી સમસ્યાઓની જેમ સરદાર સાહેબે તેમાં પણ વિજય પ્રાપ્ત કર્યો.

૬. જમ્મુ કાશ્મીર સંબંધમાં

જમ્મુ તથા કાશ્મીર સંબંધમાં ભારતીય બંધારણની કલમ ૩૭૦ પણ સરદાર સાહેબની નિર્ણાયકતાપૂર્ણ ભૂમિકાનું જ પરિણામ છે. બંધારણની કલમ ૩૭૦ ભારત સાથે જમ્મુ-કાશ્મીર રાજ્યના સંબંધોને વ્યાખ્યાયિત કરે છે. પંડિત જવાહરલાલ તથા શેખ મુહમ્મદ અબ્દુલ્લાની સલાહ અને માર્ગદર્શનથી શ્રી ગોપાલાસ્વામી અયંગરે આ અનુચ્છેદ (કલમ)ની વ્યવસ્થાની જાગવાઇ કરી હતી. સિદ્ધાંતની દૃષ્ટિએ કોંગ્રેસ પક્ષનો મત તે હતો કે, “કાશ્મીરને પણ તે જ મૂળભૂત અધિકારો એટલે કે શરતોના આધાર પર બંધારણનો સ્વીકાર કરવો જાઇએ, જે શરતો પર બીજા રાજ્યોએ તેનો સ્વીકાર કર્યો છે.”૧૭

વિશેષતઃ પક્ષનો તે વાત ઉપર પણ વિરોધ હતો કે, મૂળભૂત ધારાઓ એટલે કે મૌલિક અધિકારો સંબંધિત ધારાઓ (કાયદા-કલમો) કાશ્મીર રાજ્ય ઉપર કેમ લાગુ નહિ પડે? આ વિરોધ સમયે પંડિત જવાહરલાલ નેહરુ વિદેશ પ્રવાસ ઉપર હતા તથા શ્રી ગોપાલાસ્વામી અયંગર પક્ષને સંતોષી શક્યા નહિ. સ્વામી અયંગરે હતાશ
થઇને સરદારને હસ્તક્ષેપ કરવાની માગણી કરી. નેહરુની ગેરહાજરીમાં સરદાર પટેલે
કોંગ્રેસ પક્ષને સંતુષ્ટ કરવાનું કાર્ય પોતાના હાથમાં લીધું. તે જાણીને આશ્ચર્ય થશે કે ત્યાર પછી પક્ષમાં ન તો આ જાગવાઇનો વિરોધ થયો કે બંધારણ સભામાં તેના પર વધુ ચર્ચા થઇ. તેનાથી સહજ રીતે જ અનુમાન લગાવી શકાય છે કે, પક્ષ ઉપર તેમનો કેટલો પ્રભાવ હતો. તથા બંધારણ સભામાં તેમની શું ભૂમિકા હતી.

તે જ પ્રકારે ભષા સંબંધી વિવાદમાં જ્યારે રાજર્ષિ પુરુષોત્તમદાસ ટંડને રાષ્ટ્રભાષાના રૂપમાં બંધારણ સભામાં, હિન્દીની તરફેણમાં જારદાર સમર્થન કર્યું અને જ્યારે વિવાદાસ્પદ સ્થિતિ ઉત્પન્ન થઇ ત્યારે બંધારણમાં હિન્દીને રાષ્ટ્રભાષાનું ગૌરવ આપવામાં સરદારે નિર્ણાયક ભૂમિકા ભજવી. તે પણ સત્ય છે કે જ્યારે પણ બંધારણ સભામાં કોઇ ગંભીર વિવાદ ઉત્પન્ન થતો હતો ત્યારે તેઓ જ નિર્ણાયક ભૂમિકા ભજવતા અને તેમની સુદૃઢ તેમજ ભાવપૂર્ણ વાણી બધાને સમર્પણ કરવા માટે પ્રેરિત કરતી હતી.

સ્પષ્ટ છે કે, સરદાર વલ્લભભાઇ પટેલે અનેક મહત્વપૂર્ણ સંસ્તુતિઓ સાથે બંધારણીય વ્યવસ્થાઓ નિર્ધારિત કરાવી. દેશના રાષ્ટ્રીય જીવનને પોતાના નિર્ણાયક, પ્રજાતાંત્રિક સુદૃઢ, વિશ્વાસપૂર્ણ તેમજ વિશાળતાના દૃષ્ટિકોણો સાથે બંધારણ સભામાં તર્ક-વિતર્ક કરીને બંધારણ નિર્માણમાં મુખ્ય રીતે યોગદાન આપ્યું. બંધારણનો મહત્વપૂર્ણ અંશ તેમના સ્વરૂપની છાયાથી પ્રદર્શિત થયો છે તેથી તે રૂપમાં પણ તેમણે રાષ્ટ્રનું નવનિર્માણ કર્યું. સરદાર સાચે જ ભારતીય

બંધારણના સ્વરૂપને અધિક રીતે યોગ્ય ચોકઠામાં ઢાળવાવાળી વ્યક્તિઓમાં અદ્વિતીય અને સામાન્ય જનથી ઉપર હતા.

પાદનોંધઃ


૧. ચંદ્રશેખર શાસ્ત્રી, રાષ્ટ્રનિર્માતા સરદાર પટેલ, સોસાયટી ફોર પાર્લામેન્ટરી સ્ટડીઝ, નવી દિલ્હી-૧૯૬૩, પૃ. ૧૧૪.

2. The Constituent Assembly Debates, Vol.3, (Nehru Memorial Museum Library), New Delhi

૩. Ibid, Vol-4, P-610.

૪. Ibid, P-578.

૫. Ibid,

૬. ગાંધી રાજમોહન, સરદાર પટેલ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૯૪, પૃ. ૫૦૭.

૭. Biography of Vallabhbhai Patel, Letter, V.K. John to Sardar Patel (22 December, 1945) and Sardar Patel to V.K. John, 28th December, 1946.

૮. Chopra P.N. (1997), (Ed.,) The Collected Works of Sardar Vallabhbhai Patel, Vol. XI, Konak Publisher Pvt. Ltd., Delhi, p-80.

૯. *सरदार पटेल के प्रमुख निर्णय, प्रकरण-८ (सांप्रदायिक आधार पर आरक्षण का विरोध)* Letter Maharaja of Patiala to Sardar Patel 5th September, 1947, p. 131.

૧૦. Ibid- Letter Sardar Baldevsinh to Sardar Patel 29th December, 1948, p. 133.

૧૧. ગાંધી રાજમોહન, સરદાર પટેલ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૯૯૪. પૃ.૫૦૮.

૧૨. ધોળકિયા કુન્દન, સરદાર પટેલઃ ૧૨૫મી જન્મ જયંતી વિશેષ પૂર્તિ, અંક નં. ૨૨-૨૩, તા. ૩૧-૧૦-૯૯, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧૩. Chopra P.N. (1997), (Ed.), The Collected Works of Sardar Vallabhbhai Patel, Vol. XI, Konark Publishers Pvt. Ltd., Delhi, P. No. 87.

૧૪. The Constitutent Assembly Debates, Vol. 5, 29th May, 1949, New Delhi, N.M.M.L. (Nehru Memorial Museum Library).

૧૫. સરદાર પટેલ- પસંદ કરેલો પત્રવ્યવહાર (૧૯૪૫-૧૯૫૦), સંપાદકઃ વી. શંકર, નવજીવન પ્રકાશન, અમદાવાદ-૧૯૭૭, પૃ. ૪૪૫.

૧૬. *सरदार पटेल: चुना हुवा पत्रव्यवहार वो-१, संपादक: वी. शंकर, पृ. ३७९.*

૧૭. ઉપર્યુક્ત, પૃ. ૨૨૧.